# વાહ રે દારૂબંધી : જિલ્લામાં દેશી દારૂ બનાવવા ઉપયોગી મહુડા-અખાદ્ય ગોળના વેચાણ સામે પોલીસ ચૂપ

## ખિસ્સાં ભરવા જ રેડનાં નાટક થતાં હોવાના ખાખી વર્દી ઉપર આક્ષેપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દેશી દારૂ બનાવવા માટે ઉપયોગી પ્રતિબંધિત મહુડાં અને અખાદ્ય ગોળનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોકટોક વગર દેશી દારૂ બનાવવાની સામગ્રી આસાનીથી મળતી હોવાના કારણે ઠેર ઠેર દેશી દારૂ ગાળવાના ભઠ્ઠા ધમધમવા લાગ્યા છે. પોલીસ માત્ર ખિસ્સાં ભરવા માટે જ રેડનાં નાટક કરતી હોવાના આક્ષેપો વચ્ચે ચોક્કસ વેપારીઓના ત્યાંથી રોજ મહુડાં અને અખાદ્ય ગોળનો જથ્થો વાહનોમાં દારૂની ભઠ્ઠીઓ સુધી પહોંચે છે છતાં પોલીસ ચૂપ બની જતાં વાહ રે દારૂ બંધી..!! જેવા ઉદ્‌ગાર પ્રજાના મુખમાંથી નિકળી રહ્યા છે.

ગાંધીજીના ગુજરાતમાં કાળઝાળ ઉનાળામાં પીવાના પાણીની તંગી ગામડાઓમાં અનુભવી શકાય છે પરંતુ દેશી-વિદેશી દારૂ જોઈએ તેટલો અને માગો તે સ્થળે આસાનીથી બારેમાસ મળી જતો હોય છે. પોલીસ દ્વારા દારૂની રેલમછેલ રોકવા માટે મોટા ઉપાડે રેડનાં નાટક કરવામાં આવતાં હોય છે. વિદેશી દારૂ ભરેલાં વાહનો જપ્ત કરી પોલીસ દારૂબંધી મુદ્દે કેટલી ગંભીર છે તેવો ડોળ કરતી હોય છે પરંતુ વિદેશી તો ઠીક પરંતુ દેશી દારૂ ગાળવા માટે તો અંદરખાને પોલીસે ખુલ્લી છૂટ આપી હોય તેવી સ્થિતિ છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું ભાગ્યે જ કોઈ ગામ એવું બાકી હશે કે જ્યાં દેશી દારૂ ગાળી વેચવામાં આવતો ન હોય. ચોક્કસ દિવસોમાં પોલીસ સરકારી વાહનો સાથે દેશી દારૂની ભઠ્ઠીઓ શોધવા નિકળી પડતી હોય છે જેમાં હપ્તાનું સેટીંગ થયું ન હોય કે પછી બતાવવા ખાતર કેસ કરવાનો હોય તે સ્થળેથી મામૂલી રકમનો દેશી દારૂ અને વોશ જપ્ત કરી રવાના થઈ જાય છે.

કેટલાક કિસ્સાઓમાં તો પોલીસે એક જ જગ્યાએ એક થી વધુ વખત દેશી દારૂ પકડવા માટે રેડ કરતાં ખાખી વર્દી સામે હપ્તા ઉઘરાવવાના આક્ષેપ શરૂ થયા છે. શહેરી વિસ્તારના ચોક્કસ વેપારીઓથી માંડી હવે તો ગામડાઓમાં પણ પ્રતિબંધિત મહુડા અને અખાદ્ય ગોળનું ધુમ વેચાણ થઈ રહ્યું છે જેમાં મોટાભાગનો જથ્થો દેશી દારૂ બનાવવામાં જ વપરાતો હોવાનું પોલીસ જાણતી હોવા છતાં રોક લગાવવામાં નિષ્ફળ રહી છે જેથી પોલીસનાં છાશવારે થતી દારૂની રેડ તાયફારૂપ બની રહી છે.

# ગાંધીનગરમાં રજૂઆત માટે આવેલા ખેડૂતોની અટકાયત

## બનાસકાંઠાના ખેડૂતો પાણીના પ્રશ્ને પાટનગર પહોંચ્યા : ખરીફ સીઝનમાં રાજ્યમાં ૨૫ લાખ હેક્ટર જમીનમાં વાવણી થઇ ચુકી છે ત્યારે વરસાદ ખેંચાતા હાલાકી

ગાંધીનગર, તા.૫

બનાસકાંઠાના ખેડૂતો આજે ગાંધીનગર સચિવાલય ખાતે આવી પહોંચ્યા હતા. બનાસકાંઠામાં પાણી અંગેની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી તેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. જેના કારણે ખેડૂતો આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત કરી પાણીના મુદ્દે રજૂઆત કરશે. પરંતુ બનાસકાંઠાથી પાણીનો મુદ્દો લઈ આવેલા ખેડૂતોની ગાંધીનગર પોલીસે અટકાયત કરી છે. રાજ્યમાં ચોમાસું શરૂ થઈ ચુક્યું છે. જો કે હવે મેઘરાજા રિસાયા હોય તેવો ઘાટ છે. ગુજરાતનાં મોટા ભાગનાં વિસ્તારોમાં છેલ્લા ૪ દિવસથી વરસાદ નથી. ગુજરાતમાં ખરીફ સીઝનમાં રાજયના ખેડૂતોએ અત્યાર સુધીમાં ૧૯.૨૫ ટકા એટલે કે ૨૫ લાખ હેક્ટર જમીનમાં વાવણી થઈ ચુકી છે. તેવામાં જો વરસાદ હજી પણ ખેંચાશે તો ખેડૂતોનો પાક સુકાઈ જવાની ચિંતા સતાવી રહી છે. ત્યારે પાણીના મુદ્દાને લઈને મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત કરી રજૂઆત કરવા બનાસકાંઠાના ખેડૂતો ગાંધીનગર આવી પહોંચ્યા હતા. ત્યારે આ મામલે ખેડૂતોએ જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં પાણી અંગેની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. તેના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. પીવાના પાણીની પણ સમસ્યા ઊભી થઈ છે. સંવેદનશીલ ખેડૂતોની સરકારની વાત કરવામાં આવે છે પણ માત્ર વાતો છે. બનાસકાંઠામાં પરિસ્થિતિ અલગ છે. મુખ્યમંત્રી, કૃષિ મંત્રી અને પાણી પુરવઠા મંત્રીથી સાથે મુલાકાત કરીને રજૂઆત કરાશે.

આવનારા દિવસમાં ખેડૂતોની વધુ કફોડી સ્થિતી બનશે. ખેડૂતોએ વધુમાં જણાવ્યું કે, વરસાદ ખેંચાઈ ગયો છે. પાકનું વાવેતર કરનાર ખેડૂતોને નુકસાન થયું છે. પાક નિષ્ફળ ગયો છે. પાકને બચાવવા માટે સરકારે પાણી આપવું જોઈએ. બનાસકાંઠામાં ૫૦ ટકાથી વધુ વાવણી થઈ ચૂકી છે પણ વરસાદ ન હોવાને કારણે પાક નિષ્ફળ ગયો છે. સુજલામ સુફલામ નહેર પણ હાલના સંજોગોમાં બંધ કરવામાં આવી છે તેના કારણે ખેડૂતોની મુશ્કેલી ગંભીર બની છે. બનાસકાંઠાના ખેડૂતો પાણી માટે આજે રાજ્ય સરકારમાં રજૂઆત કરશે. રજૂઆત પછી રાહ જોશે. જો કોઈ ઉકેલ નહીં આવે તો આંદોલનનો માર્ગ અપનાવશે.

સુજલામ સુફલામ નહેરમાં પાણી છોડવાની રજૂઆત કરવામાં આવી છે. જો સરકાર પાણી વહેલી તકે નહીં છોડે તો આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે. ૩૦ જૂન પછી પાણી છોડવાનું બંધ કર્યું છે. ત્યારે બનાસકાંઠાથી પાણીના મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત કરવા આવેલા ખેડૂતોની ગાંધીનગર પોલીસે અટકાયત કરી છે.

# મોડાસામાં વૃક્ષોના જતન માટે ગાયત્રી પરિવારના યુવાનો આગળ આવ્યા

## "વૃક્ષ ગંગા અભિયાન" અંતર્ગત સોસાયટીઓમાં વૃક્ષારોપણ જુંબેસ

બાયડ તા.૫

પર્યાવરણને બચાવવા, સંતુલન રાખવામાં વૃક્ષોનું જતન કરવું એ ખૂબજ જરૂરી છે.



જીવમાત્રને જરૂરી ઓક્સિજનના ઉપાર્જન માટે વૃક્ષોનું આ ધરતી પર બહુ મોટી ભૂમિકા છે.

આ માટે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ ,હરિદ્વાર દ્વારા સમગ્ર વિશ્વમાં "વૃક્ષ ગંગા અભિયાન" એક સામૂહિક પ્રયાસ કરી રહેલ છે. જેમાં વૃક્ષારોપણ તો ખરું જ પરંતુ વૃક્ષોનું જતન, સિંચન-ઉછેર માટે ખૂબ મહત્વ અપાય છે. જેમાં વૃક્ષને પોતાના સ્વજન સમજીને એનું નિરંતર સંબંધ રાખવાના સંકલ્પ લેવામાં આવે છે. વૃક્ષ વાવતા પહેલાં એને પોતાના તરુપુત્ર કે તરુમિત્ર એવા સંબંધથી જોડાઈ જ્યાં સુધી એ વૃક્ષ મોટું ના થાય ત્યાં પોતાના સગાંની જેમ તેનું જતન કરવાના સંકલ્પ સાથે છોડનું રોપણ કરવામાં આવે છે.

મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્રના યુવાનો દ્વારા મોડાસામાં આ વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત મોડાસામાં દર રવિવારે અલગ અલગ સ્થાનો પર "પ્રાણવાન સન્ડે" ના નામે યોજના બનાવી છે.

આ યુવાનોએ ૪ જુલાઈ, રવિવારે મોડાસાની ચિત્રકૂટ સોસાયટીમાં કાર્યક્રમ બનાવ્યો. જેમાં આગલા દિવસે સોસાયટીના સૌ રહીશોને આખી યોજનાથી સૌને માહિતગાર કર્યા. બીજા દિવસે રવિવારે સવારે સોસાયટીના સૌ સદસ્યો આ વૃક્ષ જતનના પવિત્ર ઉદ્દેશ્ય સાથે જોડાયા. સૌએ પોતાના મિત્ર કે પુત્ર સ્વરુપે સ્વજનના ભાવથી વૃક્ષ સાથે સંબંધના સંકલ્પ કરી આ રોપાઓ રોપી તેનું સંપૂર્ણ સિંચન-ઉછેર માટે સંકલ્પ સાથે આ પ્રાણવાન સન્ડેની ઉજવણી કરી. જેમાં અલગ અલગ ૧૫ વૃક્ષ રોપવામાં આવ્યા.

આ આયોજન સફળ બનાવવામાં ચિત્રકૂટ સોસાયટીના સૌ રહીશો તેમજ ગાયત્રી પરિવારના પરેશ ભટ્ટ, પ્રજ્ઞેશ કંસારા, વિરેન્દ્ર સોની, હર્ષદ પ્રજાપતિ, દેવાશિષ કંસારા, રુગ્વેદ ઉપાધ્યાય, ડૉ. ઉચિત પ્રજાપતિ, રવિ પટેલ, યશ ભટ્ટ વિગેરે યુવાનો જોડાયા હતા.

ગાયત્રી ચેતના કેન્દ્ર,મોડાસા દ્વારા ઉપરોક્ત જાણકારી સાથે વિશેષમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ ડૉ. પ્રણવ પંડ્યાજીના માર્ગદર્શનમાંસમગ્ર ભારતભરમાં વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત વૃક્ષોના જતન હેતું અનેક કાર્યક્રમો ચાલી રહેલ છે. જેમાં વિશેષ ઉલ્લેખનીય છે કે આ વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં પર્યાવરણ નિષ્ણાત અને વૃક્ષ પ્રેમી ડૉ. સતિષ પટેલ અને ટીમ દ્વારા ૧૨૦૦૦ થી પણ વધું વૃક્ષોનું ઉછેરી જતન કરવામાં આવ્યું છે.જે અવિરત ચાલું છે. ગાયત્રી પરિવાર યુથ ગૃપ દ્વારા વડોદરામાં

એન્વાયરમેન્ટ સન્ડે સ્વરુપે ૨૫૪ રવિવારથી અને કલકત્તા ખાતે ૫૦૦ થી પણ વધુ રવિવારથી અવિરત દર રવિવારે વૃક્ષારોપણ કાર્યક્રમ ચાલી રહેલ છે.

# પુસ્તક પ્રદર્શન દ્વારા વિશ્વ ડૉક્ટર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં વિશ્વ ડોક્ટર દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં આરોગ્યને લગતા વિશેના પુસ્તકો જેવા કે., પાચનતંત્રની સમસ્યાઓ, ચિકિત્સા મનોવિજ્ઞાન અને કેન્સર વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૨૦ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના સૌ સેવકમિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો જગદીશભાઈ પરીખ, જતીનભાઈ સોલંકી તથા મેહુલભાઈ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી રૂપાણીની શુભેચ્છા મુલાકાત કરતાં NDAના કમાન્ડન્ટ લેફ્ટનન્ટ જનરલ અસીત મિસ્ત્રી



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આજે ગાંધીનગર ખાતે નેશનલ ડિફેન્સ એકેડમી - NDAના કમાન્ડન્ટ અને લાઈટ ઈન્ફેન્ટ્રી - કર્નલ ઓફ ધી મરાઠા લેફ્ટનન્ટ જનરલ અસીત મિસ્ત્રીએ શુભેચ્છા મુલાકાત કરી હતી. મુખ્યમંત્રી નિવાસસ્થાને આ મુલાકાત પ્રસંગે લેફ્ટનન્ટ જનરલ અસીત મિસ્ત્રીએ સ્મૃતિ ચિન્હ ભેટ આપીને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું સ્વાગત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે સેનામાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવતા PVSM, AVSM, SM, VSM અસીત મિસ્ત્રી ભારતીય સેનામાં લેફ્ટનન્ટ જનરલ જેવા ઉચ્ચ પદે સેવા આપનારા ત્રીજા ગુજરાતી તરીકે સેવારત છે.

# કચ્છના છ તાલુકાના ૯૬ ગામોને નર્મદાના પાણી અપાશે

## કચ્છની લાંબા સમયની માગણીને સંતોષવામાં આવી : નર્મદાના પૂરના વધારાના પાણીમાંથી કચ્છને ૧ મિલીયન એકર ફિટ પાણી, ૩૪૭૫ કરોડના કામો હાથ ધરવા મંજૂરી

ગાંધીનગર, તા.૫

સરહદી ક્ષેત્ર કચ્છમાં નર્મદાનું વધારાનું ૧ મિલીયન એકર ફિટ પાણી પહોચાડવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. નર્મદાના પૂરના વધારાના પાણીમાંથી કચ્છને ૧ મિલીયન એકર ફિટ પાણી આપવા રૂ. ૩૪૭૫ કરોડના કામો હાથ ધરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

કચ્છના પ્રજાજનોની લાંબાગાળાની લાગણી અને અપેક્ષા આકાંક્ષા સંતોષવાનો અભિગમ વિજય રૂપાણીએ અપનાવ્યો છે. તદઅનુસાર ફેઈઝ-૧ હેઠળ ૩૪૭૫ કરોડ રૂપિયાના અંદાજિત કામો ત્વરાએ જળસંપત્તિ વિભાગને હાથ ધરવા મુખ્યમંત્રીએ સૂચના આપી છે. કચ્છ જિલ્લાના રાપર, અંજાર, મુંદ્રા, માંડવી, ભૂજ અને નખત્રાણા એમ ૬ તાલુકાના ૯૬ ગામોની ૨ લાખ ૩૫ હજાર એકર જમીનને નર્મદાના પાણીની સુવિધા આ કામોના પરિણામે મળતી થશે. છ તાલુકાઓની ૩ લાખ ૮૦ હજાર માનવ વસ્તીને-લોકોને આ પાણીનો લાભ મળશે.

આ યોજના અંતર્ગત કચ્છના સરણ જળાશય સહિત ૩૮ જળાશયોમાં નર્મદાનું પાણી નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ પ્રદેશના ચેક ડેમ અને તળાવોમાં પણ આ પાણી નાખવાના આયોજનથી ભૂગર્ભ જળ રિચાર્જ થશે. નર્મદા મૈયાના આ જળથી કચ્છના ખેડૂતો મબલખ પાક ઉત્પાદન લઈ આર્થિક સમૃદ્ધિ મેળવી શકશે તેમજ ઢોર-ઢાંખર માટે ઘાસચારાની સમસ્યા પણ હલ થશે. પાણીના અભાવે ઢોર-ઢાંખરનું થતું સ્થળાંતર અટકશે અને પશુઓને ઘાસચારો ઉપલબ્ધ થતાં દૂધ ઉત્પાદનમાં પણ વધારો થશે.



કોરોનાના કેસો ઓછા થયા બાદ સરકારી કચેરીઓ રાબેતા મુજબ શરૂ થઈ ચૂકી છે. સરકારી કચેરીઓનું કામકાજ શરૂ થતા અરજદારો તેમનુ કામ લઈને કચેરીઓમાં આવી રહ્યા છે. આવકના દાખલા કઢાવવા માટે ગાંધીનગર કલેક્ટર કચેરીમાં લાંબી કતાર જોવા મળી રહી છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા કોરોનાના ૬૨ કેસ નોંધાયા

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૨ વ્યક્તિના મોત : રાજ્યનાં ૧૯૪ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે : અત્યાર સુધીમાં ૮,૧૧,૪૯૧ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં કોરોના વાયરસ હવે તબક્કાવાર કાબુમાં આવી રહ્યો છે. તો બીજી તરફ રસીકરણની કામગીરી પણ ઝડપથી ચાલી રહી છે. સાંજે ૫ વાગ્યે ૨,૯૯,૬૮૦ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં કોવિડ ૧૯થી સાજા થવાના દરમાં સતત વધારો થઈ રહ્યો છે.

રાજ્યમાં સાજા થવાનો દર ૯૮.૪૯ ટકા પર પહોંચ્યો છે. રાજ્યમાં કોરોનાના નવા ૬૨ કેસ નોંધાયા છે. તો બીજી તરફ રાજ્યનાં ૧૯૪ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં ૮,૧૧,૪૯૧ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૩૩૩ કુલ દર્દીઓ સારવારરત્ત છે. જે પૈકી ૦૯ લોકો વેન્ટિલેટર પર છે. ૨૩૨૪ લોકો સ્ટેબલ છે. ૮૧૧૪૯૧ લોકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૦૭૧ લોકોના અત્યાર સુધીમાં કુલ મોત નિપજ્યાં છે. આજે કોરોનાને કારણે ૦૨ લોકોનાં મોત નિપજ્યાં છે.

જો રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં ૨૨૫ હેલ્થકેર વર્કર્સ અને ફ્રન્ટલાઈન વર્કર્સને પ્રથમ ડોઝ જ્યારે ૮૩૨૧ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ થી વધારેની ઉંમરના ૫૧૨૯૮ લોકોને રસીનો પ્રથમ જ્યારે ૮૫૬૭૦ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. જ્યારે ૧૮-૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૪૮૪૮૬ લોકોએ રસીનો પ્રથમ અને ૫૬૮૦ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

આજના દિવસમાં કુલ ૨,૯૯,૬૮૦ લોકોનું એક જ દિવસમાં રસીકરણ કરવામાં આવ્યું. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૨,૭૧,૦૭,૪૦૫ લોકોનું રસીકરણ થઈ ચુક્યું છે.

## રૂટ ટૂંકાવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ઘ માર્ગ પર થઈને ભગવાનનો રથ બાલોદ્યાન પાસેથી સે-૨૯ માં પ્રવેશ કરશે. ભગવાનના મોસાળ જલારામ ધામ ખાતે જગન્નાથજીના રથના ભવ્ય સ્વાગત સાથે આરતી અને પુજા વિધિ કરાશે. ત્યાર બાદ રથયાત્રા ચ માર્ગ પર આગળ વધશે. રૂટમાં ચ-૬ પાસે સ્થિત વૈજનાથ મંદિર પહોંચશે જયાં આરતી અને પુજાવિધી થશે. ત્યારબાદ સવારે ૧૧ કલાકે ભગવાનનો રથ નિજમંદિર પરત આવશે. રથયાત્રામાં ભગવાનના રથ ઉપરાંત મદદ માટે અન્ય ચાર થી પાંચ વાહનો પણ જોડાશે. દરવર્ષની જેમ રથયાત્રામાં હાથી, ઘોડા ની સાથે ડી જે ની સુરાવલી કે કોઈપણ પ્રકારની મંડળીનો સમાવેશ કરવામાં આવશે. નહીં રથયાત્રા સેકટરોના આંતરિક રૂટમાં ફરશે નહીં જયારે રથયાત્રા દરમિયાન પ્રસાદનુ વિતરણ પણ કરવામાં આવશે નહીં ભાવિકો પણ રથને અડ્યા વિના દુરથી દર્શન કરવાના રહેશે. રથયાત્રા દરમિયાન રથ ખેંચનારા યુવાનો સહીત ભાવિકોએ ફરજિયાત માસ્ક પહેરવાનુ રહેશે જયારે સેકટરોના માર્ગ પરથી પસાર થતા ભગવાનના રથના દર્શન માટે ભાવિકોની ભીડ ન જામે તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવશે. ભગવાનનો રથ નિજમંદિર પરત આવ્યા બાદ દિવસ દરમિયાન ભાવિકો દર્શન કરી શકશે. સાંજે ૭ કલાકે ભગવાનની દિવ્ય અને ભવ્ય આરતી કરાશે.

## વિચારયાત્રા

● ચોથા પાનાનું ચાલુ...

મહાવાક્યોનું ચિંતન

મહાવાક્યોનું ચિંતન અદ્વૈતમાર્ગની ઘણી ઊંચી કક્ષાની સાધના છે અને તેથી તે સર્વજનસુલભ નથી. પ્રારંભની ભૂમિકાનો સાધક 'અહં બ્રહ્માસ્મિ'નું પોપટિયા રટણ કરે તો તે હાસ્યાસ્પદ બને છે અને તેના દ્વારા આધ્યાત્મિક પ્રગતિને બદલે અવનતિને પણ પામી શકે છે.

વેદાંતના ગ્રંથોમાં સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે સાધન – ચતુષ્ટય – સંપન્ન સાધક જ વેદાંતચિંતનનો અધિકારી છે. અને મહાવાક્યોનું ચિંતન તો વેદાંતચિંતનનો અંતિમ તબક્કો છે. એટલે મહાવાક્યોના ચિંતન માટે સાધકમાં બે સ્વરૂપની પાત્રતા જોઈએ.

૧. સાધન-ચતુષ્ટય

(i) નિત્યાનિત્ય-વસ્તુ-વિવેક.

(ii) વૈરાગ્ય.

(iii) ષટ્‌સંપત્તિ – શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન, શ્રદ્ધા.

(iv) મુમુક્ષત્વ.

૨. સાધન-ચતુષ્ટય-સંપન્ન સાધક ગૂરુ પાસે ઉપનિષદોનું વિધિવત્ અધ્યયન કરે, ઉપનિષદોના મંત્રોના અર્થને યથાર્થ સ્વરૂપે સમજે ત્યાર પછી જ તે મહાવાક્યોના ચિંતનની પાત્રતા મેળવે છે.

મહાવાક્યોના ચિંતનની ત્રણ ભૂમિકાઓ છે.

૧. શ્રવણ

અધિકારી વ્યક્તિ પાસેથી મહાવાક્યને અર્થરહિત સાંભળવાની પ્રક્રિયાને શ્રવણ કહે છે.

મહાવાક્યનું શ્રવણ અધિકારી વ્યક્તિ પાસેથી થવું જોઈએ. માત્ર વિદ્વાન વ્યક્તિ પાસેથી શ્રવણ કરવું પર્યાપ્ત નથી. તેથી શાસ્ત્રોમાં શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસેથઈ મહાવાક્યનું શ્રવમ કરવાનો આદેશ છે. જે વ્યક્તિ મહાવાક્યના સત્યને અનુભૂતિની ભૂમિકાએ સમજે છે, જેની વાણીમાં અનુભૂતિનો રણકાર હોય તેના જ શબ્દો હૃદય સુધી પહોંચે છે; અને તેના જ મુખમાં 'અહં બ્રહ્માસ્મિ' શોભે છે. એવા અધિકારી પુરુષ પાસેથી મહાવાક્યનું શ્રવણ કરવું જોઈએ, તેમની પાસેથી મહાવાક્યનો વિવેક સમજવો જોઈએ અને તેમણે બતાવેલી પદ્ધતિ અનુસાર ચિંતન કરવું જોઈએ.

જ્યારે કાન દ્વારા સાંભળેલા શબ્દો હૃદય સુધી પહોંચે છે. ત્યારે શ્રવણની ઘટના ઘટે છે. ગુરુ શિષ્યને કહે છે, 'તત્ત્વમસિ' અને અનુભૂતિના ઊંડાણમાંથી આવેલા શબ્દો શિષ્યના ચિત્તમાં આત્માનુંભૂતિની ઝલક જગાડે છે. ઋષિ આરુણિએ શિષ્ય અને પુત્ર શ્વેતકેતુને કહ્યું તત્ત્વમસિ। પદ્ધતિથી અને પુનઃ પુનઃ કહ્યું તત્ત્વમસિ। અને શ્વેતકેતુના હૃદયનાં કમાડ ખુલી ગયાં, શ્વેતકેતુ યથાર્થ જ્ઞાનને પામ્યો ત્યારે જ તેના શ્રવણની ઘટના પૂરી થઈ.

અધિકારી શિષ્ય ગુરુ દ્વાર ઉચ્ચારાયેલાં અને અધિકારી શિષ્ય દ્વારા સંભળાયેલાં મહાવાક્યો આત્માનુભૂતિનો સેતુ બની શકે છે.

૨. મનન

શ્રવણ કર્યા પછી સાધક એકાંતમાં મહાવાક્યોના અર્થનું મનન કરે છે. મનન એટલે અનુચિંતન. શ્રવણની પ્રક્રિયા પછી પણ સમજણની કોઈ કચાશ રહી ગઈ હોય, મનમાં વિરોધી વિચારો હોય કે શંકાઓ હોય તો તેમનું નિરસન મનની ક્રિયાથી થાય છે.

સંગીતનો વિદ્યાર્થી પ્રથમ ગુરુ પાસેથી રાગનું શ્રવણ કરે છે, રાગના સ્વરૂપને સમજે છે, પછી એકાંતમાં જઈને તે રાગનો રિયાઝ કરે છે. રિયાઝ દ્વારા તે રાગના ગાનમાં રહી ગયેલી કચાશ અને અશુદ્ધિઓ દૂર થાય છે. તે જ રીતે મનન દ્વારા શ્રવણ પછી રહી ગયેલી ઊણપો દૂર થાય છે અને મહાવાક્ય દ્વારા ઉપદેશેલ તત્ત્વનું દૃઢીકરણ થાય છે.

શ્રવણમાં તત્ત્વની કર્ણથી ચિત્ત સુધીની યાત્રા છે. મનન માત્ર ચિત્તની ભૂમિકાએ ચાલતી પ્રક્રિયા છે અને વચ્ચે વચ્ચે સાધક ચિત્તથી પરની બૂમિકાની ઝલક પણ પામતો રહે છે.

૩. નિદિધ્યાસન ( નિરંતર ચિંતન )

નિદિધ્યાસન એટલે ધ્યાન. ધ્યાનનાં અનેક સ્વરૂપો છે. મહાવાક્યનાં શ્રવણ અને મનન પછી તેના પર ધ્યાન કરવામાં આવે તેને નિદિધ્યાસન કહે છે.

જગદાકાર-વૃતિનો ત્યાગ થતો રહે અને બ્રહ્માકાર-વૃત્તિનો પ્રવાહ અખંડ ચાલતો રહે, તે અવસ્થાને નિદિધ્યાસન કહે છે.

મહાવાક્યના શ્રવણ પછી સાધક તેના અર્થ પર સતત મનન કરે છે. આ મનન દ્વાર તેનો નિદિધ્યાસનમાં પ્રવેશ થાય છે. નિદિધ્યાસનના અભ્યાસથી સમાધિમાં પ્રવેશ થાય છે. નિદિધ્યાસનના અભ્યાસથી સમાધિમાં પ્રવેશ થાય છે અને સમાધિના અભ્યાસથી અદ્વૈતસિદ્ધિ થાય છે.

નિદિધ્યાસન એક એવી અવસ્થા છે જેમાં સાધક આત્માના પ્રકાશથી ચિત્તમાં રહેલી અંધકારનાં જાળાંઓને દૂર કરે છે. ચિત્તમાં રહેલી અશુદ્ધિઓ અને તેમાંથઈ નીપજતી ચિત્તવૃત્તિઓનું બ્રહ્માકાર-વૃત્તિ દ્વારા નિરસન થાય છે અને આખરે અખંડ આત્મજ્યોતિ પ્રગટે છે અને તે જ છે અદ્વૈતસિદ્ધિ.

સંદર્ભ ગ્રંથ
૧) ઉપનિષત્સંચય : કેશવલાલ શાસ્ત્રી, ચૌખમ્બા સંસ્કૃત પ્રતિષ્ઠાન
૨) ઉપનિષદ વિદ્યા : ભાણદેવજી, પ્રવીણ પુસ્તક ભંડાર
૩) ભારતીય દર્શન : ડૉ.રાધાકૃષ્ણન, રાજપાલ પ્રકાશન

- jayuoza@gmail.com,
Mo.9898046488

## વિસ્તરણની...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગહેલોત અને ફગ્ગનસિંહ કુલસ્તે. કુલસ્તે અથવા થાવરચંદમાં થી કોઈ એકને મંત્રીમંડળમાંથી દૂર કરવામાં આવી શકે છે. વધુ ચર્ચા ૭૩ વર્ષીય થાવરચંદના નામની છે. જે ૨૦૧૪થી મોદી વડાપ્રધાન બન્યા બાદ થી સતત તેમની કેબિનેટમાં સામેલ રહ્યા છે.

પશ્ચિમ બંગાળ- મોદી કેબિનેટમાં બંગાળથી બે નેતાઓને જગ્યા મળી શકે છે. જેમાં ભીજપના સાંસદ શાંતનુ ઠાકુર અને નિસિથ પ્રમાણિકના નામ આગળ છે. આ ઉપરાંત ઓડિશાથી પણ એક મંત્રી કેબિનેટમાં સામેલ થઈ શકે છે.

## ત્રીજી લહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમાં કહેવામાં આવ્યું કે ઓગસ્ટના બીજા સપ્તાહથી કોરોનાના કેસ ઝડપથી વધવા લાગશે. ગ્લોબલ આંકડાથી જાણવા મળે છે કે એવરેજ ત્રીજી લહેરના પિક મામલા બીજી લહેરના સમયના પિક મામલાના લગભગ ૧.૭ ગણા હોય છે. પરંતુ પાછલા રેકોર્ડને જોવામાં આવે તો ઓછામાં ઓછા એક મહિના બાદ કોરોનાની ત્રીજી લહેર ૨૧ ઓગસ્ટથી વધવા લાગશે. મહત્વનું છે કે દેશમાં કોરોનાના એક દિવસમાં ૩૯,૭૯૬ નવા કેસ સામે આવ્યા બાદ આ બીમારીની ઝપેટમાં આવનારા લોકોની સંખ્યા ૩,૦૫,૮૫,૨૨૯ થઈ ગઈ છે, જ્યારે વધુ ૭૨૩ લોકોના મોત બાદ મૃતકોની સંખ્યા વધીને ૪,૦૨,૭૨૮ પર પહોંચી ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સોમવારે સવારે જારી કરેલા આંકડા પ્રમાણે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૪,૮૨,૦૭૧ થઈ ગઈ છે અને આ કુલ સંક્રમણના ૧.૫૮ ટકા છે, જ્યારે કોવિડથી સાજા થવાનો રાષ્ટ્રીય દર સુધરીને ૯૭.૧૧ ટકા થઈ ગયો છે. મંત્રાલયે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસમાં ૩૨૭૯નો ઘટાડો થયો છે.

## ૧૨ સભ્યો સસ્પેન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓબીસી વસ્તીના ડેટા તૈયાર કરવા સક્ષમ બનાવી શકાય અને સ્થાનિક સંસ્થાઓમાં રાજકીય અનામત લાગુ કરી શકાય.

એનસીપી નેતા અને રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી છગન ભૂજબળ દ્વારા રજૂ કરવામાં આવેલા આ પ્રસ્તાવને ભાજપના સદસ્યોના હંગામા વચ્ચે પાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ભાજપના સદસ્યો સદનની વેલમાં આવી ગયા હતા અને રાજ્ય સરકાર વિરૂદ્ધ નારેબાજી કરવા લાગ્યા હતા. વિપક્ષ નેતા દેવેન્દ્ર ફડણવીસે આ પ્રસ્તાવને રાજકારણથી પ્રેરિત ગણાવ્યો હતો.

શિવસેનાના નેતા સુનીલ પ્રભુ અને એનસીપી નેતા નવાબ મલિકે આરોપ લગાવ્યો હતો કે, ભાજપના સદસ્યોએ કાર્યવાહક સ્પીકર સાથે દુર્વ્યવહાર કર્યો અને અધ્યક્ષ કક્ષમાં તેમના સાથે મારપીટ કરી. તેમના કહેવા પ્રમાણે તેમના વિરૂદ્ધ કાર્યવાહી થવી જોઈએ. ત્યાર બાદ ડેપ્યુટી સ્પીકર નરહરિ જિરવાલે સદનને ૧૫ મિનિટ માટે સ્થગિત કર્યું હતું.